## દવા વગરની દુનિયાની વિશ્વને પ્રતિતી કરાવનાર શ્રી બી.વી.ચૌહાણનાં માર્ગદર્શનમાં

# અમરેલીમાં કાલે અસાધ્ય રોગમાં ફાયદાકારક આરોગ્ય શિબીર

### બી.પી., ડાયાબીટીસ, કબજીયાત, ચામડીના રોગો, બ્લોકેજ અને કેન્સર જેવા અસાધ્ય રોગોમાં પણ લોકોને ફાયદો : સ્વસ્થ જીવન જીવવા માર્ગદર્શન

અમરેલી,અમરેલીનાંઅમરપુરવરૂડીમાં અવધ હેરિટેજ રીસોર્ટ ખાતે આરોગ્ય શિબીરનું આયોજન થયુ છે. બિમારીથી કંટાળી ગયેલા લોકો, દવા અને દવાખાનાથી થાકી ગયેલા લોકો માટે માર્ગદર્શન આપવા આગામી તા.૪-૨-૨૪ રવિવારે સવારે ૮:૩૦ થી ૨:૩૦ સુધી અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે શ્રી બી.વી.ચૌહાણ દ્વારા માર્ગદર્શન અપાશે. છેલ્લા ૩૧ વર્ષથી દેશ અને પરદેશમાં શિબીરો યોજી લાખો લોકોને માર્ગદર્શન અને અનુભવથી બીપી, ડાયાબીટીસ, કબજીયાત, ચામડીના રોગો, બ્લોકેજ અને કેન્સર જેવા અસાધ્ય રોગોમાં પણ ફાયદો થયો છે. તેવા નિષ્ણાંત શ્રી બી.વી.ચૌહાણ દ્વારા શિબીરમાં માર્ગદર્શન અપાશે, કદાચ કોઈ બિમારી નહોયતોપણસ્વસ્થજીવનકઈરીતેજીવી શકાયતેનુમાર્ગદર્શનઅપાશે.માત્રટોકન શુલ્ક ૩૦૦ માંપ્રવેશ તા. ૨-૨ સુધીઅને તે પછી રૂા.૪૦૦ માં પ્રવેશ અપાશે. આરોગ્ય શિબીરનો લાભ લેવા શ્રી બી.વી.ચૌહાણે જણાવ્યુ છે.

---

### ઉઘાડપગા ડિગ્રી વગરનાં બની બેઠેલા તબીબો સામે પગલાઓ

## ધારી નજીક દલખાણીયામાં એસઓજી ત્રાટકી : બોગસ ડોક્ટર સામે કાર્યવાહી

**અમરેલીનાં એસપીશ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં ચાલી રહેલી કામગીરી : મોડી રાત્રે એસઓજી દ્વારા કરાઇ રહેલી ચકાસણી**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

ઉઘાડપગા ડિગ્રી વગરનાં બનીબેઠેલાતબીબોસામેપગલાઓશરૂ થયા છે. ધારીના દલખાણીયામાં એસઓજી ત્રાટકી હોય ત્યાં બોગસ ડોક્ટર સામે કાર્યવાહી ચાલી રહી છે એસપીશ્રીહિમકરસિંહનામાર્ગદર્શનમાં ચાલી રહેલી કામગીરીમાં મોડી રાત્રે એસઓજીદ્વારાચકાસણીકરાઈરહીછે.

---

### સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકતા

## જાફરાબાદના સામાકાંઠેથી ૫૪ બોટલ વિદેશી દારૂ સાથે એકને ઝડપી લીધો

**એસએમસીએ દરોડો પાડતા સ્થાનિક પોલીસમાં સન્નાટો**



અમરેલી,

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃતિઓ વધતા ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના એસપી નિરલિપ્ત રાયની ટીમો અમરેલીમાં સક્રિય થઈ ગેરકાયદેસર પ્રવુતિઓઉપરદરોડાપાડીરહીછેજાફરાબાદ મરીનપોલીસસ્ટેશનવિસ્તારમાંસામા કાંઠા વિસ્તારમાં પ્રાર્થના મંદિર બાજુમાં સ્ટેટ મોનીટરીંગસેલપીએસઆઈ એ.વી.પટેલની ટીમએ રેડ કરતા આરોપી માયાભાઈ રામભાઈ બારૈયા દારૂનો ધંધાર્થી ઝડપી લીધો હતો અન્ય સાગર બારૈયા ફરાર થતા બંને ઈસમો સામે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં પ્રોહી એક્ટ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે જેમા રેડ દરમ્યાન ૫૪ જેટલી વિદેશી દારૂની ઈંગ્લીશની બોટલો મળી આવી દારૂ બિયરની અલગ અલગ બ્રાન્ડ હતી ટોટલ રૂ.૮,૯૮૦નો મુદામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે પોલીસ દ્વારા આરોપી માયાભાઈ બારૈયા,સાગર બારૈયા અને અજાણીયા શખ્સ સામે ગુન્હો નોંધી મુદામાલ જાફરાબાદ મરીન પોલીસને સોંપવામાં આવ્યો છે.જાફરાબાદ મરીનપોલીસસ્ટેશનવિસ્તારમાંદારૂનુંવેચાણ અને હેરાફેરી થતી હોવા છતાં સ્થાનિક મરીન પોલીસ અજાણ હોવાથી શંકાસ્પદ કામગીરી જોવા મળી રહી છે તેવા સમયે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા દરોડો પાડતા મરીન પોલીસની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે જોકે ૫ દિવસ પહેલા પીપાવાવ માંથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમએ ડીઝલ ટેન્કર પેટ્રોલ ડામરનો મોટા જથાનું રેકેટ ઝડપી પાડ્યા બાદ આજે દારૂ ઉપર તવાય બોલાવતા અમરેલી જિલ્લા પોલીસ બેડામાં સન્નાટો વ્યાપી ગયો છે

---

### એસપીશ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં

## અમરેલીમાં સીટીપીઆઇ શ્રી ડી.કે.વાઘેલાની ટીમ ત્રાટકી : દારૂ ભરેલી મારૂતી કાર ઝડપાઇ

**ચિતલ રોડનાં યુવાનને ૧૦૩ બોટલ દારૂ ભરેલી ફ્રન્ટી સાથે પકડી પાડયો : ૮૯ હજારની મતા કબ્જે**



અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)અમરેલી સીટી પોલીસ ઈન્સપેક્ટરશ્રી ડી.કે.વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા અમરેલી સીટી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી હકિકતઆધારેવોચમાંરહીઅમરેલીશહેરનાં સુળીયાટિંબા વિસ્તારમાંથી એક ઈસમને ફોરવ્હિલ ગાડી તથા પ્રોહીબીશન લગત મુદ્દામાલ સાથે અજયગીરી ઉર્ફે અજુ ભરતગીરી ગોસાઈને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી અમરેલી સીટી પોલીસ ટીમે કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી અમરેલીસીટીપો.ઈન્સ.શ્રીડી.કે.વાઘેલાતથા એન.બી.ગોહીલ, સંજયભાઈ બાબુભાઈ મારૂ, બુધાભાઈ જસાભાઈ દિહોરા, સલીમભાઈ હનીફભાઈ ભટ્ટી, ચિંતનકુમાર કનૈયાલાલ મારૂ, વનરાજભાઈ વલકુભાઈ માંજરીયા ૨એ જયદેવસિંહ અમરસિંહ ગોહિલતથા ૧ ૨૦હિમાલયભાઈ રમેશભાઈ કાલાવડીયા દ્વારા કરવામાં આવેલ છે.

---

## અમરેલી વિધાનસભાનાં યુવક કોંગ્રેસ પ્રમુખનો જાજરમાન લગ્ન પ્રસંગ યોજાશે

**નિવૃત જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ગોંડલીયાના પરિવારમાં રૂડો અવસર**



અમરેલી,

નિવૃત જિલ્લા શિક્ષણ અધિકારી નટવરલાલ ગોંડલીયાના સુપુત્ર અમરેલી વિધાનસભા યુવક કોંગ્રેસના હોનહાર પ્રમુખ મોહનીસ ગોંડલીયાના વેવિશાળ પ્રસંગ જૂનાગઢ નિવાસી દેવીદાસભાઈની સુપુત્રી ચી. વિશાખા સાથે તારીખ ૦૬/૦૨/૨૦૨૪ ના રોજ પ્રભુતામાં પગલાં પાડવા જઈ રહ્યા છે, ત્યારે આ શુભ પ્રસંગે રાજકીય સામાજિક આગેવાનો ના આશીર્વાદ પ્રાપ્ત કરી અને તમામ સ્નેહીજનો ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે તેમ અખબારી યાદી માં જણાવેલ છે.

---

### માતા પિતાનો એકમાત્ર સંતાન હતું, માતા પિતા અતિ ગરીબ સ્થિતિમાં હોવાથી લોકો મદદે આવ્યા

## રાજુલાના માંડરડી ગામે જીવતો વીજવાયર માથે પડતા પાંચ વર્ષના બાળકનું કમ કમાટીભર્યુ મોત

**વિજઅધિકારીઓ ઘટના સ્થળે હોસ્પિટલ દોડ્યા પૂરતી સહાય આપવા પરિવારજનોને સાંત્વના**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલાના માંડરડી મુકામે વીજવાયરપડતાપાંચવર્ષનાબાળકનુંકમ કમાટી ભર્યું મોત થયું હતું રાજુલા સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો અને પીએમ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

જાણવા મળતી વિગત મુજબ રાજુલાના માંડરડી મુકામ વાડીમાં કામ કરી રહેલા જગદીશભાઈ જીવાભાઈ બારૈયા ના પુત્ર ધાર્મિક જગદીશભાઈ બારીયા ઉપર વર્ષ ૫ ત્યાં વાડીમાં રમતો હોય ત્યાં માથેથી પસાર થતી ઈલેવન કેવી નો વાયર એની માથે પડતા તેને બચાવવા માટે તેના પિતા પણ આવતા તેને પણ શોક લાગ્યો હતો જ્યારે આ પાંચ વર્ષના બાળકનું ઘટના સ્થળે જ મોત થયું હતું

અત્રે નોંધનીય બાબત છે કે મરનાર બાળક આ માતા પિતાને એકનું એક સંતાન હોય અને બંને માનસિક રીતે ભાગી ગયેલા હોય ત્યારે આ ગરીબ પરિવાર ઉપર આભ ફાટી નીકળ્યું હતું ઘટનાની જાણ થતા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી કાર્યાલયથી કાનાભાઈ ગોહિલ મુકેશભાઈ ગુજરીયા સરપંચ દેવાયતભાઈ લુણી રમેશભાઈ વસોયા સહિતના હોસ્પિટલ દોડી ગયા હતા અને આ બાળકને પીએમ કરી અને યોગ્ય સહાય મળે તે માટે કાર્યવાહી હાથ ધરી હતી.

**વિજઅધિકારીઓ ઘટના સ્થળે હોસ્પિટલ દોડ્યા પૂરતી સહાય આપવા પરિવારજનોને સાંત્વના**

આ ઘટનાને જાણ થતા ઈજનેર શ્રી બળાઈ તેમજ શ્રી રાઠોડ સહિતનો વીજ અધિકારીનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો અને પરિવારજનોને શાંતુ ના આપી હતી અને આ ગરીબ પરિવારને યોગ્ય સહાય મળી રહે તે માટે કાર્યવાહી હાથ ધરી હતી બાદમાં વીજ અધિકારીઓ દ્વારા સ્થળ ઉપર પણ તપાસ કરવામાં આવી હતી આ ઘટના બનતા નાના એવા માંડરડી ગામમાં અરેરાટી વ્યાપી પામી હતી.

---

### પ્રકૃતિ એજયુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત

## અમરેલીમાં શ્રવણપ્રસાદ સેવા કેન્દ્રની મુલાકાતે વેપારીઓ અને સમાજ સેવકો

**પ્રતાપભાઇ પંડયા ભવનની મુલાકાત લેતા યોગેશભાઇ રામવત અને ચંદુભાઇ રાઠોડ, વિરલભાઇ દેવમુરારી**



અમરેલી,પ્રકૃતિ એજયુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત અમરેલી શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્રની વેપારીઓ અને સમાજ સેવકોએ પ્રતાપભાઈ પંડયા ભવનની મુલાકાત યોગેશભાઈ રામવત અને ચંદુભાઈ રાઠોડ, વિરલભાઈ દેવમુરારીએ લીધી હતી. સંસ્થાના કાર્યથી ખુશી વ્યકત કરી સંસ્થા વિશે જાણકારી મેળવી વડીલો જે ભોજન અપાય છે તે જોઈને રાજીપો વ્યકત કર્યો હતોં. સંસ્થાની જરૂરિયાત વિશે જાણકારી મેળવી સંસ્થાના વ્યવસ્થાપક ભીખુભાઈ અગ્રાવતે તથા ટ્રસ્ટી મુકેશભાઈ જાનીએ તમામ મહેમાનોનું શાલ ઓઢાડીને સન્માન કર્યુ હતું. સંસ્થાના સેવાયજ્ઞી કિશોરભાઈ મિશ્રા, જીતુભાઈ જોષી, કિરણભાઈ નાંઢા, ભારતીબેન પંડયા, જગદિશભાઈ જોષી, હરૂભાઈ બાટવીયા ઉપસ્થિત રહ્યા હતાં. તેમ જણાવ્યું છે.

---

### યાંત્રીક કે કોઇ અન્ય કારણોસર

## લીલીયામાં સાંજે અર્ધો કલાક માલગાડી રોકાઇ ગઇ

**સલામતીની ખરાઇ પછી ટ્રેન રવાના કરવામાં આવી**

લીલીયા,(મહેશદવે)

યાંત્રીક કે કોઈ અન્ય કારણોસર લીલીયામાં સાંજે અર્ધો કલાક માલગાડી રોકાઈ ગઈ હતી અને તેની સલામતીની ખરાઈ પછી ટ્રેન રવાના કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે રેલ્વે તંત્રએ આ અંગે કોઈ સતાવાર સ્પષ્ટતા કરી નથી.

---

### મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં

## સરકારનાં વર્ષ ૨૦૨૪-૨૫નાં વિકાસલક્ષી બજેટને આવકારતા શ્રી મૂકેશ સંઘાણી

**બજેટમાં વિકાસ કાર્યો સાથે તમામ વર્ગને ધ્યાનમાં રાખી જોગવાઇ કરી**



અમરેલી,

ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૪-૨૫નું રાજયના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ રજુ કરેલ વિકાસલક્ષી બજેટને અમરેલી જિલ્લા ભાજપના પૂર્વપ્રમુખ શ્રી મુકેશ સંઘાણીએ આવકારી બિરદાવેલ છે. રાજયના બજેટમાં તમામ વર્ગને ધ્યાને રાખી વિકાસ કામો સાથે અનેક જોગવાયો સાથેનું બજેટ સાચા અર્થમાં લોકોને સહાયક બની રહેશે તેમ શ્રી મુકેશ સંઘાણીએ જણાવ્યું છે.

---


મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૨૦-૨૦૨૪............મુ.તા.૨૨-૦૨-૨૦૨૪
અરજદાર : દુધાત નથુભાઈ ભગવાનભાઈ રહે.ત્રાકુડા, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ત્રાકુડા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારની પુત્રી દક્ષાબેન નથુભાઈ દુધાતનો જન્મ તા.૧૩-૦૧-૧૯૮૧ નારોજ ગામ ત્રાકુડા તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રીના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૨-૦૨-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૯-૦૧-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |



**ભારતીય સ્ટેટ બેન્ક**
SME શાખા બાબરા (63761) :
સર્કીટ હાઉસ સામે, ભાવનગર રોડ, બાબરા-૩૬૫૪૨૧.
ફોન : 0279-299013, E-mail: sbi.63761@sbi.co.in

**સરફેસી કાયદો ૨૦૦૨ ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ મિલકતના કબજાની નોટિસ**

ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) ની કલમ ૧૩(૧૨) અંતર્ગત અને તે સાથે સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ના નિયમ ૯ ને ધ્યાનમાં લેતા તે હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે દરેક ખાતા સામે જણાવેલ તારીખોએ ડિમાન્ડ નોટીસ જારી કરેલ હતી અને નીચે જણાવેલ દેવાદારોને નોટીસમાં જણાવેલ રકમ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરવા જણાવેલ હતુ. દેવાદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી દેવાદારો તેમજ જાહેર જનતાને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સદર નિયમ-૯ સાથે વાંચતા સદર એક્ટની કલમ ૧૩(૪) હેઠળ તેમન મળેલી સત્તાની રૂએ નીચે દરેક ખાતા સામે જણાવેલ મિલકતનો તેની સામે જણાવેલ તારીખોએ સાંકેતિક/ પ્રત્યક્ષ કબજો મેળવેલ છે. દેવાદારો અને ખાસ કરીને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો સાથે કોઈ સોદો કરવો નહીં અને આ મિલકતો સાથે કરેલો સોદો ભારતીય સ્ટેટ બેંક ના બાકી રકમના ચાર્જને આધિન રહેશે.

કરજદારોને ખાસ ધ્યાન દોરવાનું કે સરફેસી કાયદાના સેકશન ૧૩ ના સબ સેકશન (૮)ની જોગવાઈ અનુસાર આપેલ સમયમર્યાદામાં કાયદા મુજબ તેમની સલામત મિલકત પાછી મેળવી શકે છે.

| ખાતા / દેવાદારનું નામ, સરનામું | પ્રોપ્રાયટર / જામીનદારો / માલિકનું નામ | ગીરો / ચાર્જમાં મૂકેલ મિલકતોનું વિવરણ | ડિમાન્ડ નોટીસની તારીખ | કબજાની તારીખ | ડિમાન્ડ નોટીસ મુજબ બાકી લેણાં |
|---|---|---|---|---|---|
| મે. શ્રી બજરંગ ગૃહ ઉદ્યોગ, પ્લોટ નં. બી-૧૮૯, જીઆઈડીસી-૨, નીલાવાડા રોડ, બાબરા, અમરેલી ૩૬૫૪૨૧ ગુજરાત. | નિલેષ વિઠ્ઠલભાઈ ગોળ | મિલકતના બધા જ હક્કો, ટાઈટલ અને ઈન્ટરેસ્ટ તેમજ બધા જ ભાગ અને ખંડ સહિતની ભાડા પટ્ટાની સ્થાવર ઔદ્યોગિક મિલકત જે રેવન્યુ સર્વે નં. ૭/૭ પૈકી, પ્લોટ નં. બી-૧૮૯, જીઆઈડીસી-૨, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ક્ષેત્રફળ ૪૯૯.૯૩ ચો.મી. ની નીલાવાડા રોડ સ્થિત, ગામ બાબરા, તા. બાબરા, જી. અમરેલી ખાતે આવેલ નિલેષ વિઠ્ઠલભાઈ ગોળના નામની મિલકત. | 23.11.2023 | 29.01.2024 (સાંકેતિક) | રૂા. 44,19,523.33 |
| | પ્રભાબેન વિઠ્ઠલભાઈ ગોળ | મિલકતના બધા જ હક્કો, ટાઈટલ અને ઈન્ટરેસ્ટ તેમજ બધા જ ભાગ અને ખંડ સહિતની સ્થાવર રહેણાંક મિલકત જેનો રેવન્યુ સર્વે નં. ૨૦૪૯ પૈકી, સબ પ્લોટ નં. ૩૭+૩૮+૩૯/૩, પ્લોટ નં. ૨૮, ૨૯, ૩૦, ૩૭, ૩૮ અને ૩૯ પૈકી (મકાન નં. ૩૮બી કૌશલ પાર્ક-૧, નવા ૮૦ ફૂટ રોડ) ક્ષેત્રફળ આશરે ૮૧.૦૬ ચો.મી. ની વઢવાણ સ્થિત, મ્યુનિસિપાલિટીની હદમાં, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર ખાતે આવેલ પ્રભાબેન વિઠ્ઠલભાઈ ગોળના નામની મિલકત. | 23.11.2023 | 29.01.2024 (સાંકેતિક) | રૂા. 44,19,523.33 |
| | રાવજીભાઈ જેરામભાઈ કરેટીયા | મિલકતના બધા જ હક્કો, ટાઈટલ અને ઈન્ટરેસ્ટ તેમજ બધા જ ભાગ અને ખંડ સહિતની સ્થાવર ધંધાકીય મિલકત જેનો સીટી સર્વે નં. ૨૮૩૮, ક્ષેત્રફળ આશરે ૧૯.૦૧.૩૫ ચો.મી., દુકાન નં. ૪, રાધેશ્યામ કોમ્પલેક્ષ, જૂના ગામતળ સ્થિત, ચિતલ રોડ, ગામ બાબરા, તા. બાબરા, જી. અમરેલી ખાતે આવેલ રાવજીભાઈ જેરામભાઈ કરેટીયાના નામની મિલકત. | 23.11.2023 | 29.01.2024 (સાંકેતિક) | રૂા. 44,19,523.33 |

તા. ૨૯.૦૧.૨૦૨૪ સ્થળ : બાબરા
સહી/ અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક – SME શાખા બાબરા (63761)



**સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા

**મિથ્સ હોલીડેઝ**
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




**(F & O) ફ્યુચર્સ & ઓપશન**
■ નીફટી ■ બેંક નીફટી ■ ફાયનાન્સ નીફટી
૯૯% એક્યુરીસી ટ્રેડ ટીપ લેવા માટે મળો

| પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ | મુદલ | મુદત | મળવાપાત્ર |
|---|---|---|---|
| (૧) સુપર મેગા ઓફર | ૧૦૦૦૦૦ | ૧૪ માસ | ૨૦૦૦૦૦ |
| (૨) વન ટાઇમ ડિપોઝીટ | ૧૦૦૦૦૦ | ૩ વર્ષ | ૨૦૦૦૦૦ |
| (૩) મંથલી SIP | ૬૦૦૦૦ | ૫ વર્ષ | ૧૨૦૦૦૦ |
| (૪) ડેઇલી રીકરીંગ | ૩૬૫૦૦ | ૩૬૫ દિવસ | ૫૦૦૦૦ |

-:: સંપર્ક ::-
**પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ, અમરેલી
વિપુલ એચ. ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી. ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮
સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦
વિશ્વાસ, પ્રોફીટ તમારા સફળતા અમારી



**ગુલાબી ઠંડીના માહોલમાં વાનગીઓ બનશે ચકાચક...**




સોમનાથ બેસનનું નવુ નજરાણુ
''સોમનાથ બ્રાન્ડ બેસન''
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ખમણ માટે સ્પેશ્યલ
તેમજ અમૂલ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો
અમૂલ સ્પે. કરકરો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ કિલો પેકીંગમાં ઉપલબ્ધ
**સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ**
પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૩-૨-૨૦૨૪ શનિવાર

# મોદીએ હવે લોકલુભાવન બજેટ તૈયાર કરાવવાની તો વળી જરૂર જ ક્યાં છે....?

લોકસભાની ચૂંટણીને ગણીને ત્રણેક મહિના બાકી છે ત્યારે નાણાં નિર્મલ સીતારમણે નરેન્દ્ર મોદી સરકારનું છેલ્લું બજેટ રજૂ કરી દીધું. આ બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સૌથી વધારે ધ્યાન અપાયું છે, જ્યારે ગરીબો, મહિલાઓ, ખેડૂતો અને યુવાઓ માટે પણ ઠીક ઠીક જાહેરાતો છે. અલબત્ત આશા રખાતી હતી એવી કોઈ લહાણીઓ કરાઈ નથી. નિર્મલા સીતારામન લોકસભાની ચૂંટણીમાં મધ્યમ વર્ગને આકર્ષવા માટે ઈન્કમટેક્સના સ્લેબમાં છૂટ સહિતની લહાણીઓ કરશે એવી પણ સૌની ગણતરી હતી પણ એ ગણતરી સાચી ઠરી નથી.

લોકસભાની ચૂંટણી હોય એ પહેલાંનું બજેટ સંપૂર્ણ બજેટ નથી હોતું પણ વચગાળાનું બજેટ હોય છે. એવી પરંપરા છે કે જેથી નવી સરકાર આવે ત્યારે પોતાની ઈચ્છા પ્રમાણેનું બજેટ બનાવીને વહીવટ ચલાવી શકે અને યોજનાઓ જાહેર કરી શકે. મોદી સરકાર પરંપરાઓ પાળવામાં નહીં પણ તોડવામાં માને છે તેથી આ વખતનું બજેટ વચગાળાનું નહીં પણ પૂર્ણ કક્ષાના બજેટ જેવું જ હશે એવી હવા ઊભી કરાયેલી પણ એવું થયું નથી. બધી અટકળો અને અંદાજોને બાજુ પર મૂકીને નિર્મલા સીતારમણે વચગાળાનું બજેટ જ રજૂ કર્યું છે કે જેમાં ઈન્કમટેક્સના સ્લેબમાં કોઈ ફેરફાર કરાયા નથી કે મતદારોને કોઈ એવી મોટી લહાણી કરાઈ નથી. નિર્મલા લાંબાં લાંબાં બજેટ પ્રવચનો આપવા માટે જાણીતાં છે અને આ પરંપરા પણ તેમણે આ વખતે જાળવી છે.

મધ્યમ વર્ગને ઘરનું ઘર બનાવવા માટે પ્રોત્સાહન મળે એ માટે આવાસ યોજના સહિતની કેટલીક જાહેરાતો કરાઈ છે પણ એ જાહેરાતો નવી નથી અને તેમાં કશું નક્કર પણ નથી. ગ્રામીણ વિસ્તારમાં બે કરોડ નવાં ઘર બનાવવા માટેની યોજનામાં લોકોને સીધા વધારાના શું ફાયદા થશે એ સ્પષ્ટતા નથી તેથી આ જાહેરાત પણ એટલી આકર્ષક નથી.

મોદી સરકાર પહેલાં પણ મધ્યમ વર્ગને હોમ લોનના વ્યાજ દરમાં રૂપિયા ૨.૬૭ લાખની સબસિડી સહિતની યોજના ચલાવી ચૂકી છે એ જોતાં તેમાં કશું નવું નથી. વચ્ચે એ યોજના બંધ કરાયેલી પણ હવે ચૂંટણી આવી એટલે ફરી જાહેર કરાઈ પણ તેમાં લોકોનો ફાયદો જ છે તેથી તેના વિશે કોઈ ટીકાટીપ્પણી કરી શકાય તેમ નથી.વાસ્તવમાં છેલ્લા કેટલાંક વરસોથી બજેટ તેનું મહત્ત્વ ગુમાવતું જાય છે ને તેનું કારણ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) છે. એક સમયે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા જાત જાતના ટેક્સ નાખવામાં આવતા ને રાજ્ય સરકારો પણ પોતાની રીતે અલગ અલગ પ્રકારના ટેક્સ નાંખી શકતી હતી. જીએસટીના કારણે ચીજવસ્તુઓ અને સેવાઓ પર આખા દેશમાં એક જ ટેક્સ લાગુ કરાય એ માળખું આવી ગયું છે.

આ માળખું સરખી રીતે કામ કરે ને રાજ્યોને ફરિયાદ ના રહે એ માટે જીએસટી કાઉન્સિલ બનાવાઈ છે. પહેલાં એવું બનતું કે કરવેરામાં ફેરફારના નિર્ણય બજેટમાં જ લેવાતા પણ હવે જીએસટી કાઉન્સિલની બેઠક વરસમાં ચાર વાર મળે છે ને કરવેરામાં ફેરફારો થતા રહે છે તેથી બજેટનો મુખ્ય ઉદ્દેશ હતો એ જતો રહ્યો છે. પેટ્રોલ-ડીઝલ સહિતની થોડી ઘણી ચીજોને જીએસટીના દાયરામાંથી બહાર રખાઈ છે. તેમના પરના ટેક્સ અંગે પણ ગમે ત્યારે નિર્ણય લેવાય છે.

ઈન્કમટેક્સ. કોર્પોરેટ ટેક્સ સહિતના સીધા કરવેરા હજુય માત્ર કેન્દ્ર સરકાર હસ્તક છે. આ ટેક્સમાં ફેરફારની જાહેરાત માત્ર ને માત્ર બજેટમાં કરાય છે તેથી એ એક જ આકર્ષણ રહ્યું છે. સરકાર લોકોને સીધો ફાયદો થાય એવી કોઈ યોજના જાહેર કરે તો નવું આકર્ષણ ઊભું થાય પણ વચગાળાના બજેટમાં એવી શક્યતા નહોતી. બાકી યોજનાઓ માટે નાણાંની ફાળવણી કે બીજી સરકારની વાહવાહી કરતી જાહેરાતોમાં લોકોને રસ પડતો નથી તેથી બજેટ હવે નિરસ બની ગયું છે.

નિર્મલા સીતારમણે બજેટમાં કોઈ મોટી જાહેરાતો કરવાનું ટાળ્યું તેનું એક કારણ એ પણ છે કે, ભાજપે મતદારોને આકર્ષવા માટે બહુ પ્રયત્નો કરવાની જરૂર જ નથી. અયોધ્યામાં શ્રી રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાના પગલે સમગ્ર દેશમાં હિંદુત્વમય માહોલ છે.

આ ઓછું હોય તેમ કાશીની જ્ઞાનવાપી મસ્જિદમાં હિંદુઓને પૂજા કરવાનો અધિકાર અપાયો તેના કારણે હિંદુત્વનો માહોલ વધારે મજબૂત બન્યો છે. મોદી સરકારના શાસનમાં હિંદુઓને માફક આવે એવા નિર્ણયો લેવાય છે એવી છાપ મજબૂત થતી જાય છે તેથી ભાજપની હિંદુવાદી મતબેંક પણ મજબૂત થઈ છે.

બીજું એ કે, વિપક્ષો એક નથી ને રાષ્ટ્રીય સ્તરે તો વિપક્ષો તરફથી ભાજપને કોઈ પડકાર જ નથી. જે પણ પડકાર છે એ પ્રાદેશિક પક્ષો તરફથી છે ને તેનાથી ભાજપને બહુ ફરક પડતો નથી. પશ્ચિમ બંગાળ, ઓડિશા, કેરળ. તેલંગાણા, આંધ્ર પ્રદેશ તમિલનાડુ વગેરે ગણ્યાંગાંઠ્યાં રાજ્યો એવાં છે કે જ્યાં હજુ ભાજપનો પ્રભાવ નથી. હજુ પણ પ્રાદેશિક પક્ષો હાવી છે પણ તેના કારણે સત્તાનાં સમીકરણો બદલાતાં નથી.

આ રાજ્યોમાંથી લોકસભાની ચૂંટણીમાં ભાજપને એક પણ બેઠક ના મળે તો પણ ભાજપને કોઈ ફરક ના પડે. ભાજપને હરાવવા માટે કોંગ્રેસનું મજબૂત થવું જરૂરી છે પણ મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢનાં પરિણામોએ સાબિત કર્યું છે કે, કોંગ્રેસ ભાજપ સામે ટક્કર લઈ શકે એટલી મજબૂત નથી.

ભાજપ પાસે ઉત્તર પ્રદેશ અને બિહાર એ બે મોટા ગઢ છે કે જેના કાંગરા ખેરવવા પ્રાદેશિક પક્ષો માટે પણ શક્ય નથી. ઉત્તર પ્રદેશમાં એક સમયે અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી અને માયાવતીની બહુજન સમાજ પાર્ટી મજબૂત વિપક્ષો મનાતા હતા. ભાજપને ટક્કર આપવાની તાકાત તેમનામાં હતી પણ યોગી આદિત્યનાથના હિંદુત્વના એજન્ડાએ તેમને પણ પાંગળ કરી દીધા છે.બિહારમાં આરજેડી અને જેડીયુ ભાજપને ટક્કર આપવાની સ્થિતિમાં હતાં પણ નીતિશને ખેરવીને ભાજપે એ પડકાર પણ ખતમ કરી નાખ્યો છે. યુપીની ૮૦ અને બિહારની ૪૦ મળીને ૧૨૦ બેઠકોમાંથી ભાજપ ૧૦૦ કરતાં વધારે બેઠકો લઈ જાય એવી સ્થિતિમાં છે તેથી ભાજપને આ રાજ્યોમાં પણ ચિંતા નથી. ટૂંકમાં વિપક્ષો તરફથી કોઈ પડકાર નહીં હોવાથી પણ ભાજપ મુશ્તાક છે અને બજેટમાં કશું કર્યું નથી.

### ખોટી બ્રાન્ડ વાળી અને રજીસ્ટર કર્યા વિના નામ વગરની દવાઓ ધાબડી દીધી

# અમરેલીમાં ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનો જથ્થો ઝડપાયો

## અમરેલીના ખેતીવાડી અધિકારી ધારાબેન લુણાગરીયા દ્વારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) અમરેલી તાલુકાના લાઠીરોડ ગણેશ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ ગોડાઉનમાં અમરેલીના સાહિલ સુરેશભાઈ ટીંબડીયાએ ખોટા બ્રાન્ડ વાળી અને રજીસ્ટર કરાવ્યા વગરની તેમજ નામ વગરની અને કોઈ પણ પ્રકારની મંજુરી મેળવ્યા વગરની જનતુનાશક દવા ગ્રાહકો સાથે છેતર પિંડી કરવાના ઈરાદે જંતુનાશક દવા ઉત્પાદન કરી કે બનાવી કે આયાત કરી જંતુનાશક દવાનો જથ્થો પોતાના ગોડાઉનગમાં સંગ્રહ કરી ગુનો કર્યાની અમરેલી ખેતીવાડી અધિકારી-વ.- ઈન્સેકટીસાઇડ ઈન્સપેકટર અમરેલીના ધારાબેન દેવચંદભાઈ લુણાગરીયા દ્વારા અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ઝરપરાના પાટીયાથી ચલાલા તરફ આવતા સેમસંગ મોબાઇલ ચોરાયો

અમરેલી,ઝરપરાના પાટીયાથી ચલાલા તરફ આવતા પ્રથમ અને બીજા ડાઈવર્ઝનની વચ્ચે રસ્તામાં ઈમ્તીયાઝભાઈ યુનુસભાઈ ગગનીયા તા.૨૭-૧ના રાત્રીના તેના ગામના મોહનભાઈ આહિરને બાઈકમાં બેસાડી ચલાલા લગ્નમાં આવતા હતાં ત્યારે સેમસંગ કંપનીનો મોબાઈલ રૂપિયા ૧૯,૯૯૯ની કિંમતનો તેમણે પહેરેલ જેકેટના ખિસ્સામાંથી કયાંક પડી જતા કોઈ ચોરી ગયાની ચલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### બે અજાણ્યા ઠગે દાગીના ધોઇ આપવાનુ કહીં સોનું કાઢી લીધુ

# લાઠીના વિરપુરમાં વૃધ્ધા સાથે દોઢ લાખ ઉપરાંતની છેતરપિંડી

## સોનાનો ચેઇન અને બંગડીમાંથી ૩૨.૪૦૦ ગ્રામ સોનુ ઉતારી લઇ છેતરપિંડી કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) લાઠી તાલુકા વિરપુર ગામે સવિતાબેન મગનભાઈ જોગાણી ઉ.વ.૭૦ના ઘરે તા.૩૧-૧-૨૪ના આશરે ૨૦ થી ૨૫ વર્ષના બે અજાણ્યા છોકરાઓએ આવીને સેમ્પુ વહેંચવાના બહાને સોના ચાંદીના વાસણો ધોય આપવાનું કહીં પ્રથમ એક ત્રાંબાની લોટી, એક ચાંદીના ગાય તથા ગણપતિ ધોય આપી બાદમાં સવિતાબેનનો સોનાનો ચેઈન આશરે ત્રણ તોલાનો તથા હાથમાં પહેરવાની સોનાની બંગડીઓ આશરે અઢી તોલાની ધોય આપવાનું જણાવી તેના વાસણામાં ચેઈન તથા બંગડી નાખી તેમાં કોઈ પ્રવાહી નાખી ધોય આપી સોનાના ત્રણ તોલાના ચેઈનમાંથી આશરે ૨૦.૧૦૦ ગ્રામ સોનુ તેમજ અઢી તોલાના બંગડીઓમાંથી આશરે ૧૨.૩૦૦ ગ્રામ સોનનું મળી આશરે કુલ ૩૨.૪૦૦ ગ્રામ સોનુ જેની હાલની અંદાજીત કિંમત રૂા.૧,૬૦,૦૦૦નું એકબીજાએ સાથે મળી મદદગારી કરી સોનું લઈ જઈ છેતરપિંડી કર્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### પ્રૌઢાએ પૈસા આપવાની ના પડતા

# ધારીના દલખાણીયામાં પ્રૌઢા ઉપર હુમલો

## એક મહિલા સહિત ત્રણે હાથે ફેકચર કરી ધમકી આપી

અમરેલી,ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતી મુમતાઝબેન વલીભાઈ મકરાણી ઉ.વ.૪૦ના ઘરે મુન્નાઘુઘાભાઈ બ્લોચ આવીને કહેલ કે મે તારી પાસેથી પૈસા માંગ્યા હતાં તે કેમ ન અપ્યા જેથી મુમતાઝબેને કહેલ કે મારી પાસે પૈસા નથી તો કેમ આપુ જેથી ગાળો બોલતા ગોળો બોલવાની ના પાડતા લાકડાના બટકા વડે માથામાં બે થી ત્રણ ઘા મારી સાહિલે લાકડાના બટકા વડે ડાબા હાથે અને જમણા પગમાં મારમારતા પતિ વલીભાઈ મકરાણી વચ્ચે પડતા મુન્નાએ લાકડાના બટકા વડે બે થી ત્રણ ઘા મારેલ અને મુમતાઝબેનને ડાબા હાથે ફેકચર કરી પતિને મુંઢ ઈજા કરી ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અનીડામાં રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકયા

## નકુચા તોડી રોકડ, સોના ચાંદીના દાગીના મળી રૂપિયા ૪૮,૭૦૦ની ચોરી

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) વડિયાના અનીડા વડુકિયા શેરીમાં રહેતા લાલજીભાઈ ઠાકરશીભાઈ વામજાના મકાનમાં તા.૨૬-૧ના પાંચેક વાગ્યથી તા.૩૦-૧ના સાંજના સાત વાગ્યા સુધીમાં કોઈ પણ સમયે કોઈ તસ્કરોએ મકાનમાં પ્રવેશ કરી અશોરીમાં ફીટ કરેલ લોખંડની ગ્રીલના દરવાજાનો નકુચો તોડી પતરા ટંકમાં રહેલ ચાંદીના છડા બે જોડ રૂપિયા ૨ હજાર, ઓફિસમાં રહેલ પતરાના કબાટનો લોક તોડી કબાટની અંદર તિજોરીમાં રાખેલ પર્સમાંથી રોકડ રૂપિયા ૨૦,૦૦૦ તેમજ તિજોરીમાં રાખેલ સોનાની વિટીં ત્રણ નંગ સાત ગ્રામ રૂપિયા ૨૨,૦૫૦ તથા સોનાનો ઓમકાર એક નંગ ૧.૫ ગ્રામ રૂપિયા ૪૬૫૦ મળી રોકડ અને સોના ચાંદીના દાગીના કુલ રૂપિયા ૪૮,૭૦૦ની માલમતાની ચોરી કરી ગયાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠી નજીક શાખપુર ગામે રહેતી શિક્ષીકાનું વિજ શોકથી મોત થયું

## ગારિયાધાર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર દરમિયાન મોત

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) લાઠી તાલુકાના શાખપુર ગામે વિદ્યાબેન ચિરાજભાઈ દેવમુરારી ઉ.વ.૩૩ પોતાના રહેણાંક મકાનના બાથરૂમમાં તા.૧-૨ના બપોરના પાણી ગરમ કરવાના ઈલેકટ્રીક હિટરથી વિજ શોક લાગતા ગારિયાધાર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજયાનું પતિ ચિરાગભાઈ રમણીકલાલ દેવમુરારીએ દામનગર પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# રાજુલાના ચાંચ ગામે યુવાન ઉપર હુમલો

## મારમારી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી,રાજુલા તાલુકાના ચાંચ ગામે ફુલવાડી વિસ્તારમાં રહેતા મયુરભાઈ વનરાજભાઈ ચૌહાણ ઉ.વ.૨૭ તથા તેમના સંબંધિ સાથે ફુલવાડી વિસ્તારમાં ઉભા હતાં ત્યારે જેરામ દુલાભાઈ, રાજુ દુલાભાઈ, બળદેવ જેરામભાઈ ચૌહાણે આવીને કહેલ કે અહિં કેમ ઉભા છો જેથી મયુરભાઈએ કહેલ કે થોડીવાર ઉભા છીએ તમને સારૂ ન લાગતું હોય જતાં રહીએ. જેથી ઉશ્કેરાઈ જેરામે માથામાં પાઈપનો ઘા મારતા મયુરભાઈ ઘર તરફ ભાગતા રાજુએ આજે તો બચી ગયો પણ હવે જીવતો નહીં જવાદયે તેવી ધમકી આપી બળદેવે ગાળો બોલી એકબીજાએ મદદગારી કર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ચલાલા ગાયત્રી વિદ્યાલય કરાટેમાં જિલ્લામાં પ્રથમ સ્થાને



ચલાલા,યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની વિદ્યાર્થી જીલ્લા કક્ષાએ યોજાયેલ ખેલ મહાકુંભ માં કરાટે સ્પર્ધામાં જુદા-જુદા વિભાગમાં દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. જેમાં જીલ્લા કક્ષાની કરાટે સ્પર્ધા સાવરકુંડલા મુકામે યોજવામાં આવી હતી. જેમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ની વિદ્યાર્થી અંડર ૧૭માં દ્વિતીય નંબરે મહેતા પુનીત એમ., અને તૃતીય ક્રમે ભારદ્વાજ ધ્રુવ આઈ. તેમજ અંડર ૧૪ માં તૃતીયક્રમે મુંગલપરા નીલ બી. એ મેળવી. હવે આગળ રાજ્ય કક્ષાએ જશે. આ રીતે નંબર મેળવી તેઓ એ શાળા પરિવાર અને જીલ્લા નું ગૌરવ વધાર્યું છે.

# ચલાલામાં ગાયત્રી વિદ્યાલય-હરીબા કોલેજમાં પ્રજાસતાક પર્વ ઉજવાયો

## ધ્વજવંદન સહિતના કાર્યક્રમો : ક્રિકેટ ટુર્નામેન્ટમાં શિલ્ડ ટ્રોફી અપાઇ



ચલાલા,ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરીબા મહિલા કોલેજમાં પ્રજાસતાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ શાળાના ભુતપુર્વ વિદ્યાર્થીની અને હાલ પ્રોફેસર જાનકીબેન ભેસાણીયાના હસ્તે ધ્વજવંદન બાદ શાળાના બાળકો કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા રાષ્ટ્રગાન થયુ હતુ. સંસ્થાના વડા શ્રી રતિદાદાએ પ્રાસંગીક ઉદબોધન કર્યા બાદ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયુ હતુ તેનું પૂ. રતિદાદાએ ઉદઘાટન કર્યુ હતુ સ્કુલ અને કોલેજના બાળકો વચ્ચે મેચ યોજાતા વિજેતા ટીમને શીલ્ડ અને ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા કાર્યક્રમ સફળ બનાવવા સ્કુલ કોલેજના ડાયરેકટર ભારત ભુષણ મહેશભાઈ મહેતા આચાર્ય શિતલબેન મહેતા અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### રાજકોટ મધ્યસ્થ જેલમાં રહેલ

# સાવરકુંડલાના જેજાદનો પેરોલ જંપ આરોપી ફરાર

## પેરોલ રજામાં ગયા બાદ ફરી જેલમાં હજાર ન થતાં ફરિયાદ નોંધાઇ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) રાજકોટ મધ્યસ્થ જેલમાં સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામના આરોપી જીતુ ઉર્ફે રાહુ રવજીભાઈ ગોહિલને તા.૧૫-૧૨-૨૩ના પેરોલ રજા જેલ મુકત થયેલ તા.૨૨-૧૨-૨૩ થી ૧-૧-૨૪ દિન-૧૦ વચ્ચગાળાના જામીન રજા ઉપર જેલ મુકત થયેલ જે નિયત તારીખે હાજર ન થતાં રાજકોટ મધ્યસ્થ જેલના ગૃપ-૨ના એમ.એમ.ચૌહાણે વંડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### કચ્છના આદિપુરમાં પરિણીતાને ત્રાસ અપાયો

અમરેલી,કચ્છના આદિપુરમાં સલમાબેન શારૂખભાઈ ફેબાને પતિ શારૂખ યુનુસભાઈ, સાસુ સાયરાબેન યુનુસભાઈએ કામકાજ અને કરિયાવર પ્રશ્ને મેણામારી ગાળો બોલી મારકુટ કરી વધુ કરિયાવરની માંગણી કરી ત્રાસ આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના એટ્રોસીટીના ગુનામાં આરોપીઓ નિર્દોષ

## એડવોકેટ મહેશ વાઘમશીની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી



ધારી,(ઉદય ચાૈલે રા) ધારીના એટ્રોસીટીના ગુનામાં ધારીની એડિશનલ સેશન્શ કોર્ટમાં કેસ ચાલી જતા આરોપીઓને નિર્દોષ ઠરાવ્યા છે. તા. ૧૮/૨/૨૦૨૩ ના રોજ આ કામના આરોપી નં.૧.જનકભાઈ જીલુભાઈ વાળા મો.સા લઈ ફરીયાદી ભરતભાઈ મધુભાઈ મયાત્રાના ઘર સામે જોતા જોતા નિકળતા, ફરીયાદીએ, મારા ઘર સામે શા માટે જોયા કરો છો તેમ કહેતા બોલાચાલી કરી જતા રહેલ બાદ રાત્રીના ક્લાક ૨૨/૦૦ વાગ્યાના સુમારે ફરીયાદી વાડીએથી ઘરે પહોંચતા ફરીયાદીના ઘર સામે હામાપુર ગામના બસ સ્ટૈન્ડ પાસે એક ફોરવ્હિલ ગાડી ઉભેલ જેમાંથી આરોપી નં.૧ લોખંડનો પાઈપ લઈ તથા આરોપી નં.૨. લખધીરભાઈ જોરૂભાઈ વાળાઓ છરી તથા લાકડી લઈ ઉતરી ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે આરોપી નં.૨ નાએ છરીના ઘા ફરીયાદીના પેટમા મારવા જતા ફરીયાદીએ જમણો હાથ આડો કરતા ઈજા થયેલ અને આરોપી નં.૧ નાએ લોખંડનો પાઈપ મારવા જતા ફરીયાદી બચવા જતા ડાબા હાથના ખભાના ભાગે વાગી જતા ફરીયાદી પડી જતા આરોપી નં.૨ નાએ લાકડીના ઘા પડખામાં તથા વાંસાના ભાગે મારી આરોપીઓએ ગાળો આપી આરોપી નં.૧ નાએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અત્યારે તો તને ઠોકી જ નાખવો છે.તેમ કહી ખુન કરવાની કોશીશ કર્યા અંગેનો કેસ ધારી સેશન્સ કોર્ટમાં ચાલી જતાં ગુન્હાના કામે કેસની ટ્રાઈલ અને કાર્યવાહી દરમ્યાન પુરાવા રજુ થયેલ અને પુરાવાના અંતે આરોપીઓ તર્ફે વકીલશ્રી મહેશભાઈ જી.વાધમશી રહે.ચલાલા (મીઠાપર ડંગરી) ની દલીલો ને નામ.ધારીના સેકન્ડ એડી.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ ધ્વારા ગ્રાહય રાખવામા આવેલ અને તમામ આરોપીઓ તા.૧ ૬/૦૧/૨૦૨૪ ના રોજ નિર્દોષ જાહેર કર્યા હતાં.

### સાવરકુંડલા ટાઉનમાં દારૂની હેરાફેરી કરતા એક ઝડપાયો



સાવરકુંડલા,સાવરકુંડલા ટાઉનમાં ફોરવ્હીલમાં વિદેશી દારૂના જથ્થા સાથે ફરીદ ઉર્ફે ફરીજ અશરફખાન પઠાણને દારૂની બોટલો સાથે ઝડપી લીધેલ છે. પોલીસે કુલ ૪.૫૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે.

# ધારીની વિદ્યાર્થીની કરાટેમાં પ્રથમ સ્થાને



ધારી,અમરેલી જીલ્લા કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન સાવર કુંડલા મુકામે યોજવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં અન્ડર ૧૭ વય જૂથ (બહેનો) અંતર્ગત ધારી ના સીનીયર એડવોકેટ અને નોટરી આનંદ ચાવડા ની સુપુત્રી ઈવા ચાવડા એ ભાગ લીધેલ હતો જેમાં ઈવા ચાવડા એ અમરેલી જીલ્લા કક્ષા એ પ્રથમ સ્થાન મેળવેલ છે. તેમજ ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહિત પુરસ્કાર મેળવેલ છે.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૩.૨.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦, પોષ વદ આઠમ, વિશાખા નક્ષત્ર, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (૨,ત) રહેશે.

### સ્વયંની પહેચાન

જ્યોતિષશાસ્ત્રમાં એ જરૂરી છે કે વ્યક્તિ પોતાની જાતને ઓળખે પોતાના આત્માને ઓળખે અને તેને આ જન્મમાં સોંપાયેલું કાર્ય સમજે. જન્મોજન્મની ગતિમાં દરેક જન્મમાં કાર્મિક જ્યોતિષ પ્રમાણે અલગ અલગ ણાનુબંધન અને કાર્ય હોય છે જો આપણે આપણી અંદર ઉતારીએ તો આ વાત નો તાળો મળે અને એ મુજબ આપણે ધ્યેયમાં આગળ વધી શકીએ પરંતુ એ માટે ઓરા અને ઉર્જાના નિયમો સમજવા જરૂરી બને છે. હર ક્ષણે તમારો આકાશીય મેપ બની રહ્યો છે જે તમારી ઓરા અને ઉર્જા દ્વારા બને છે, તમે અંદર થી શાંત છો કે ખિન્ન છો? તમે શું વિચારો છો? તમે શું કરો



છો? આ બધી બાબતો તમારો આકાશીય મેપ બનાવે છે જેને સાદી ભાષામાં આપણે ગ્રહો કહીએ છીએ. આપણી લાગણી તેમાં મહત્વનો ફાળો ભજવે છે, જયારે આપણી લાગણી દુભાય ત્યારે આ મેપ બગડે છે માટે અંદર અને બહારથી શાંત રહેવું જરૂરી છે. લાગણીની વિશેષ મહત્વ આપવું પડશે. આ જગતમાં સારી રીતે જીવવા માટે ગ્રહોના સુમેળ માટે અને સફળતા માટે જો કઈ જરૂરી છે તો એ છે ખુદની લાગણીને સમજવી અને તે મુજબ જીવનને આનંદથી આગળ ધપાવવું!! જે મુજબ આપણી હકારાત્મક ઉર્જા વિકાસ પામે છે એ મુજબ ગ્રહો મજબૂત બની સારું પરિણામ આપતા જોવા મળે છે.

- મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .
- વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાં થી માર્ગ મળે, મધ્યમ દિવસ.
- મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
- કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
- સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
- કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
- તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
- વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
- ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
- મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
- કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
- મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૯૨ થી ૧૪૩૮ મગફળી ૧૦૩૦ થી ૧૩૯૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૪૫-૧૨૭૬
શિંગમોટી-૧૦૩૦-૧૩૯૦
જુવાર-૫૫૧-૮૪૦
તલસફેદ-૧૭૨૫-૩૦૪૧
તલકાળા-૨૨૩૫-૩૨૨૬
બાજરો-૪૮૫-૫૨૧
ઘઉંટુકડા-૪૬૦-૬૧૪
ઘઉંલોકવન-૪૫૭-૫૭૫
એરંડા-૧૦૮૩-૧૧૦૮
ચણા-૯૫૦-૧૧૨૫
કપાસ-૯૯૨-૧૪૩૮
રાયડો-૮૦૦-૯૧૮
અજમા-૧૩૩૦-૨૪૬૦
ધાણા-૯૦૦-૧૭૭૦
સોયાબીન-૭૫૯-૮૬૬
તુવેર-૧૫૬૫-૨૦૨૪
મરચાલાંબા-૧૦૧૦-૩૩૧૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૧૦-૨૪૦
રીંગણા-૩૦૦-૪૦૦
ફ્લાવર-૨૦૦-૩૦૦
કોબીઝ-૨૦૦-૨૫૦
ટમેટાં-૩૨૦-૪૦૦
સુરણ-૭૦૦-૮૦૦
ગાજર-૨૨૦-૩૭૦
દુધી-૧૬૦-૨૦૦
કારેલા-૫૦૦-૬૫૦
ગલકા-૫૦૦-૬૫૦
કાકડી-૪૦૦-૫૪૦
ગુવાર-૧૨૦૦-૧૪૦૦
ચોળાલીલા-૭૦૦-૮૦૦
તુરીયા-૬૦૦-૭૫૦
ભીડો-૭૫૦-૮૫૦
આદુ-૨૦૦૦-૨૨૦૦
કોથમીર-૧૧૦-૨૧૦
મેથીભાજી-૨૫૦-૩૦૦
વાલ-૫૫૦-૭૦૦
લીમડોમીઠો-૭૦-૧૦૦
મરચાલીલા-૪૦૦-૬૦૦
લસણસુકું-૩૪૦૦-૭૨૦૦
લીંબુ-૧૪૫૦-૧૫૦૦
પાલક-૨૫૦-૩૫૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૧-૫૧૮
જુવાર-૫૧૦-૯૧૦
ઘંઉ-૪૫૫-૬૨૧
તલસફેદ-૨૭૦૦-૨૭૦૦
ચણા-૯૦૦-૧૦૫૬
સોયાબીન-૫૫૦-૮૪૫
શીંગ-૮૯૨-૧૨૮૧
તુવેર-૧૬૦૦-૧૯૦૦
કપાસ-૯૦૦-૧૪૧૮
મઠ-૧૨૪૫-૧૨૯૧
મગ-૨૮૫૨-૨૮૫૨

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૧૨-૬૭૦
બાજરી-૪૨૨-૫૨૦
ડુંગળીલાલ-૧૦૦-૨૭૩
ડુંગળીસફેદ-૨૨૫-૩૦૨
તલસફેદ-૧૮૦૦-૨૮૧૪
મગ-૧૫૧૦-૧૭૫૦
જુવાર-૪૦૦-૯૫૦
ચણા-૯૦૦-૧૦૮૬
તુવેર-૧૬૪૦-૧૯૫૮
મગ-૧૫૧૦-૧૭૧૫
કપાસ-૮૫૧-૧૩૭૦
સોયાબીન-૮૨૨-૮૫૬

**બાબરા**
કપાસ-૧૧૦૦-૧૪૨૫
ધાણા-૯૯૦-૧૧૦૦
ચણા-૯૩૨-૧૦૭૮
ઘઉં-૪૮૨-૫૩૮
તુવેર-૧૪૫૦-૧૯૬૦
તલસફેદ-૨૩૩૦-૨૮૬૦
મગફળી-૧૧૯૫-૧૨૬૫

**ધારી**
કપાસ-૧૦૮૬-૧૪૦૩
મગફળી-૯૦૦-૧૧૦૧
તુવેર-૧૪૧૦-૧૮૦૫
મેથી-૧૦૦૦-૧૦૦૦
ચણા-૯૮૫-૧૧૦૧
મગ-૧૪૮૦-૧૭૬૫
ઘઉં-૫૨૨-૫૩૧
જુવાર-૬૫૫-૭૦૫
ધાણા-૧૦૯૧-૧૦૯૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૩૧
તલસફેદ-૨૬૦૦-૩૧૦૦
જુવાર-૮૨૬
તુવેર-૧૭૦૦-૨૧૧૧
કપાસ-૧૧૦૦-૧૪૪૦
ઘઉં-૪૮૦-૬૦૧
બાજરો-૪૦૦-૫૩૪
ધાણા-૯૦૦-૧૨૪૧
ચણા-૯૦૦-૧૧૮૦
સોયાબીન-૮૦૦-૮૬૪
એરડી-૯૫૦-૧૧૨૫

**ખાંભા**
કપાસ-૧૧૫૧-૧૪૨૯
મગફળી-૯૦૦-૯૦૦
કળથી-૧૨૩૦-૧૨૩૦
બાજરો-૪૦૦-૪૧૦
જુવારસફેદ-
એરંડા-૧૦૬૦-૧૦૬૦
મકાઈ-
ચણા-૧૧૨૨-૧૧૨૨

**બગસરા**
કપાસ-૧૦૦૦-૧૪૪૮
ચણા-૮૯૦-૧૧૦૫
મગફળી-૬૦૦-૧૧૦૫
ઘઉં-૪૯૯-૫૫૫
ધાણા-૧૦૪૫-૧૧૫૫
સોયાબીન-૮૧૫-૮૩૨
અડદ-૧૦૦૦-૧૫૦૦
તુવેર-૧૬૭૫-૧૭૧૨
તલસફેદ-૨૪૦૦-૨૪૦૦
શીંગદાણા-૧૩૦૦-૧૩૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૫૦૦-૧૦૦૦
દાડમ-૪૦૦-૧૮૦૦
મુસંબી-૫૦૦-૯૦૦
જામફળ-૫૦૦-૮૦૦
સંતરા-૫૦૦-૬૫૦
કીવી-૩૫૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૨૫૦૦-૩૫૦૦
બોર-૨૦૦-૪૦૦
કેળા-૩૫૦-૫૫૦
પોપૈયા-૩૦૦-૫૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૨૦૦-૨૨૦૦
અનાનસ-૯૦૦-૧૧૫૦
અંગુર-૬૦૦-૧૧૦૦

**લીલીયા**
કપાસ-૧૦૨૭-૧૪૨૪

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૨૯.૭
ન્યુનતમ તાપમાન ૧૫.૮
ભેજનું પ્રમાણ ૯૬
પવનની ગતિ સરેરાશ-.૭.૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઈમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૦૩-૨-૨૦૨૪ શનિવાર




રોયલ ફેબ્રીકેશન
ગ્રીલ, જાળી, દરવાજા, રજવાડી ગેટ,
છાપરાનું કામ કરનાર તેમજ મજુરીથી કામ કરનાર
સંપર્ક :- ફૈસલ સુમરા
મો.૮૭૫૮૯ ૮૭૭૪૮ - ૬૩૫૧૭ ૧૪૮૩૬
ચાંદની ચોક, અમરેલી




BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## સમસ્ત કોળી સમાજ સમુહલગ્નોત્સવ સમિતિ દ્વારા

# રાજુલાના વિકટરમાં સમુહલગ્નોત્સવ યોજાયો

**બીજા સમુહલગ્નોત્સવમાં છ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા**

**દાતાઓ દ્વારા ઉદાર હાથે કરિયાવર અપાયો : નવ દંપતિઓને આશિર્વાદ**

**સમુહલગ્નમાં સમગ્ર કોળી સમાજના વિવિધ આગેવાનો સહિતની ઉપસ્થિતિ**

**સમુહલગ્નમાં કોળી સમાજના દાતાઓનો સહયોગ : સુંદર અને સેવાકીય આયોજન**



રાજુલા,રાજુલા તાલુકાના વિકટર ગામે સમસ્ત કોળી સમાજ સમુહલગ્ન લગ્ન સમિતિ દ્વારા ઉત્સાહ પૂર્વક બીજા સમુહલગ્ન ભવ્ય આયોજન કર્યું હતું. જેમાં મહંત મહેશદાસ બાપુ, ભક્તિરામ બાપુ દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યકમ ની શરૂઆત કરી હતી અને ત્યારબાદ બાદ ભક્તિરામ બાપુ (માનવ મંદિર) દ્વારા આશીર્વચન પાઠવ્યા હતાં અને આ કાર્યક્રમમાં નાયબ મામલતદાર જયંતિભાઈ મકવાણા, કોળી સમાજ નાં આગેવાન પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય કમલેશભાઈ મકવાણા, પીપાવાવ સરપંચ ભાણાભાઈ ગુજરીયા, જીતુબેન ગોહિલ, દાતરડી સરપંચ ભરતભાઈ જોળીયા, પૂર્વ સરપંચ વિનુભાઈ સમુહલગ્નમાં જોડાનારા નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. આ સમુહલગ્નમાં ૬ જેટલા નવદંપતી એ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં. આ સમુહલગ્ન ને સફળ બનાવવાં વિકટર ગામ નાં કોળી સમાજ નાં આગેવાનો અશોકભાઈ વાજા, મહેશભાઈ મકવાણા, રણછોડભાઈ બાંભણીયા, એડવોકેટ અજયભાઈ શિયાળ, હરેશભાઈ બાંભણીયા, મંગાભાઈ ધાપા, શૈલેષભાઈ ચૌહાણ, દિપકભાઈ ચૌહાણ, આતુભાઈ જાદવ, ભાવેશભાઈ વાજા, અશોકભાઈ મોલાડિયા, રાહુલ ધાપા, અનિલ વાજા, ચેતન બાંભણિયા સહિત આગેવાનો અને સમિતિ નાં સભ્યો, સ્વયંસેવકો સહિત ની ટીમ એ ભારે જહેમત ઉઠાવી હતી.

# દલખાણીયામાં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો

**ગામ સમસ્ત દ્વારા આયોજન : ૮ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા**



બગસરા, (સમીર વિરાણી)

દલખાણીયા ગામે સમસ્ત ગામ દ્વારા આયોજિત સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન ઉત્સવ યોજાયો જેમાં આઠ નવદંપતીઓએ પ્રભુતાના પગલાં માંડ્યા હતા સમૂહ લગ્નની આગલી રાત્રે ભવ્ય સંતવાણી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ સમૂહ લગ્નમાં અલગ અલગ દાદાએ પોતાની યથાશક્તિ મુજબ દાન આપ્યું હતું તેમજ આ સમગ્ર અન્નદાતા સોની જીતુભાઈ કાળુભાઈ ધકાણ લાલભાઈ મુંબઈ એ સમગ્ર જમવાનો ખર્ચ દાન પેટે આપ્યો હતો જેમાં ૨૦૦૦થી વધુ લોકોએ ભોજન લીધું હતું તેમજ સવારનો નાસ્તો પણ તેના તરફથી આપવામાં આવ્યો હતો તેમજ બગસરાના ધકાણ પરિવારના લાલભાઈ મનીષા આપા એ લગ્નમાં તમામ કન્યાઓને બે.સાડી ભેટ આપી હતી. આ ઉપરાંત આ સમુહ લગ્નમાં કાળુભાઈ વેકરીયા એ ચાંદીની ગાય માજી સરપંચ દલખાણીયા કાળુભાઈ હરખાણી ચાંદી નો તુલસી ક્યારો તેમજ હરેશભાઈ હિરપરા મીઠાપુર ડોલ સંજયભાઈ શંભુભાઈ હિરપરા ડબા જેનુંદિનભાઈ હિરાણી એ મુખવાસ દાની અરવિંદભાઈ સુખડિયા બેડ સેટ ના દાતા તેમજ અનેક દાતાઓ દ્વારા રોકડ રકમ તેમજ વસ્તુઓ આ સમૂહ લગ્નમાં આપવામાં આવી હતી આ સમગ્ર સમુહ લગ્નનું આયોજન સંજયભાઈ ડેડાણીયા ( જોન્ટી) બુધેશભાઈ સોલંકી તેમજ મુકેશભાઈ પરમાર દ્વારા આ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે દાતાશ્રીઓનું સમૂહ લગ્નમાં શિલ્ડ સાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું.

## ભેરાઈ ગૌશાળાના લાભાર્થે

# રાજુલામાં નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ

**પૂર્વ ધારાસભ્યશ્રી અંબરિશભાઇ ડેરે ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા**



રાજુલા,

ભેરાઈ ગૌ શાળા ના લાભાર્થે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૪ નું આયોજન ખૂબ સફળ રહ્યું અને સમગ્ર ટુર્નામેન્ટમાં સહયોગી મારા સાથી મિત્રોના અથાગ પ્રયત્નો થી આજે પૂર્ણ થયું તે બદલ સમગ્ર મારી મેનેજમેન્ટ ટિમ નો દિલ થી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો આ ટુર્નામેન્ટ માં ૮૪ જેટલી ટિમો આ ટુર્નામેન્ટનો ભાગ બની એ બદલ બધા જ ટિમ મેમ્બર નો પણ આતકે દિલ થી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો સાથે સાથે આજની ફાઈનલ મેચમાં વિજેતા ટિમ મુરલીધર-૧૧ કોવાયા ને વિજેતા બનવા બદલ ખુબ ખુબ અભિનંદન આપવામાં આવેલ અને રનર્સ અપ ટીમ શ્રીજી-૧૧ - રામપરા ને પણ ખુબ સારા પ્રયાસ બદલ અભિનંદન આપવામાં આવ્યા હતા વિજેતા ટિમ ને રોકડ પુરસ્કાર (૧,૦૦,૦૦૦) અને રનર્સ અપ ટિમ ને (૫૧,૦૦૦) તેમજ બેસ્ટ પ્લેયરને વિવિધ ટ્રોફી દ્વારા સન્માનિત કરવામાં આવેલ આ તકે કાર્યક્રમ માં ખાસ ઉપસ્થિત રહેલ આપણાં વિસ્તારના અભૂતપૂર્વ ધારાસભ્યશ્રી અંબરીશભાઈ ડેર દ્વારા પણ આતકે યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કર્યા હતા સૌના સાથ સહકાર થી આ ટુર્નામેન્ટ ને ખુબજ સફળ બનાવવા માટે તમામ અગ્રણી આગેવાનો તેમજ કાર્યકરોનો ભરતભાઈ.એમ.વાઘ (શ્રીજી) પ્રમુખ - રાજુલા તાલુકા યુથ કોંગ્રેસ તરફ થી દિલથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો આ પ્રસંગે ગૌશાળા અને સેક અર્પણ કરતી વખતે માજી ધારાસભ્ય અમરીશભાઈ તથા માજી સરપંચ શ્રી ટપુભાઈ તથા જિલ્લા પંચાયતના કોવાયા સહિત ઉપસ્થિત રહ્યા હતા

# રાજુલા શહેરમાં અતિ આધુનિક બગીચો બનાવવાની વાત તો હવામાં ઓગળી ગઈ

**પાણીના પાઇપલાઇનનું બગીચાનું કનેક્શન કાપી નાખતા બગીચો સુકાવા માંડ્યો**



રાજુલા,રાજુલા શહેરમાં એક સુંદર બગીચો આવેલો જે બગીચામાં ગ્રામ્ય વિસ્તારના લોકો બપોરના આરામ પણ કરતા હતા આ બગીચામાં વર્ષોથી પાલિકા દ્વારા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે અને વૃક્ષો પણ સુંદર હતા બગીચામાં બેસવા માટે લોકો આરામ કરવા છોકરાઓને બેસાડવા રમાડવા જતા હતા હાલ બગીચામાં રાજુલા શહેરમાં નડતર લારીઓ ગલ્લાઓ હતા તે તમામ બગીચામાં મૂકી દેવામાં આવ્યા જેથી રાજુલા શહેરના લોકોને બગીચામાં બેસીને ખાણીપીણી ની મોજ કરે છે પરંતુ નવાઈની વાત એ હતી કે છેલ્લા ઘણા સમયથી પાલિકા દ્વારા આધુનિક બગીચો બનાવવાની વાતો ચાલે છે પરંતુ હાલ વહીવટદાર હોવાથી એ ફાઈલો મૂકી દેવામાં આવે અને વાત હવામાં ઓગળી ગઈ પરંતુ હાલ આ બગીચામાં વિશાળ વૃક્ષો હોવા છતાં ત્રણેક માસથી બગીચા બાજુમાં થી પાઈપલાઈન મારફત બગીચામાં વૃક્ષોને પાણી પાવામાં આવતું હતું તે પાઈપલાઈન જ કોઈકે કાપીને બંધ કરી દીધી જેથી બગીચામાં હવે ત્રણ મહિનાથી વૃક્ષોને પાણી મળતું નથી અને વૃક્ષો પણ સુકાવવા માંડ્યા આ અંગે બગીચાના ચોકીદાર બગીચા ને આજુબાજુ રહેતા ને પૂછતા કીધું કોણ કાપી ગયું ખબર નથી પણ ત્રણ મહિનાથી બંધ થઈ ગયું છે બગીચા ની બાજુમાં એક જાફરાવાદ ની પાઈપ નીકળે છે અને એક રાજુલાની આમ બંને પાઈપો હોવા છતાં પાણી એક પણ પાઈપ માંથી મળતું નથી કાપેલી પાઈપ દેખાય છે જેથી વૃક્ષો હવે સુકાવવા માંડ્યા છે બીજી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સરકાર અને વન ખાતુ વૃક્ષોને ઉછેરવા માટે ખૂબ જ મહેનત કરે છે વૃક્ષો વાવી શહેરને હરિયાળો બનાવો ત્યારે અહીં ઉછેરેલા વૃક્ષો વિનાશ ને હારે એકાદ મહિનામાં થઈ જશે ત્યારે નગરપાલિકા દ્વારા અથવા નગરપાલિકાના વહીવટદાર દ્વારા આ ફોટામાં સ્પષ્ટ કનેક્શન કાપેલું દેખાય છે

# સુરતમાં દ્વિતીય સમુહલગ્નોત્સવ યોજાયો

**કથિરીયા પરિવાર દ્વારા આયોજન : આગેવાનોની ઉપસ્થિતિ**




સુરત,સુરત કથીરિયા પરિવાર દ્વારા આયોજીત દ્વિતીય સમૂહલગ્ન, ત્રીજો વાર્ષિક સ્નેહમિલન સન્માન સમારોહ અને માતાજીના યજ્ઞ માં ઉપસ્થિત રહેતા ડો. વલ્લભભાઈ કથીરિયા પરીવાર સુરત દ્વારા તા.૨૮ જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ સુરત ખાતે દ્વિતીય સમૂહલગ્નન, ત્રીજો વાર્ષિક સ્નેહમિલન સન્માન સમારોહ અને માતાજીના યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહી ડો. વલ્લભભાઈ કથીરિયા નવ પરણિત દંપતિઓને સુખી, સફળ અને યશસ્વી દામ્પત્યજીવનની શુભેચ્છા પાઠવી. તેમજ સમસ્ત કથીરિયા પરિવારની એકતા, સંગઠન અને સેવાકીય પ્રવૃતિઓ વિશે મનનિય પ્રવચન કર્યું.આ પ્રસંગે કથીરિયા પરિવાર ના પ્રમુખ શ્રી જે.ડી કથીરીયા અને એમની સમગ્ર આયોજક ટીમને અભિનંદન પાઠવ્યા, દાતાઓ અને સમાજ સેવકોનું અભિવાદન કર્યું. આગામી દિવસોમાં કથીરિયા પરિવાર દ્વારા વિશેષ લીડરશીપ ડેવલોપમેન્ટ, સામાજિક પ્રવૃત્તિ, સેવાકીય પ્રવૃતિ અને સમાજ સંગઠન બાબતોમાં ચર્ચા વિચારણા કરી.

# મેઘા પીપળીયામાં સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયું

**નરેશભાઇ પટેલ અને સાંસદશ્રી કાછડીયા, દંડકશ્રી કૌશીક વેકરીયાની ઉપસ્થિતી**



અમરેલી,બાબરા તાલુકાના ચમારડી ગામના સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તપરા એ એક અનોખું બીડું ઝડપ્યું છે કે સરદાર વલ્લભભાઈ પટેલની સમગ્ર દેશમાં પ્રતિમાઓ મુકવાનું અને એ પ્રતિમાનો ખર્ચ પણ આ સરદાર પ્રેમી ગોપાલભાઈ આપે છે ત્યારે છેલ્લા બે દિવસથી વડીયા તાલુકાના ગામોમાં પ્રતિમાઓનું હર્ષ અને ઉલ્લાસ સાથે લોકો ઉજવી રહયા છે અને લોકાર્પણ કરી રહયા છે ત્યારે વડીયા તાલુકાના મેઘાપીપલીયા ગામે આજે ગ્રામજનોએ ભાવ પૂર્વક સરદાર પટેલની પ્રતિમાના અનાવરણમાં દિગ્ગજ નેતાઓને આમંત્રિત કર્યા હતા અને એ કાર્યક્રમોમાં હાજરી પણ આપી હતી જેમાં મુખ્ય ખોડલધામના ટ્રસ્ટી નરેશભાઈ પટેલ ના હસ્તે અનાવરણ કરાયું હતું અને એ કાર્યક્રમમાં સમગ્ર ગ્રામજનો સાંસદ નારણભાઈ કાછડીયા ,ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તેમજ મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમમાં મેઘાપીપળીયા સરપંચ જે ડી ગુજરીયા હવામાન નિષ્ણાત પરેશભાઈ ગોસ્વામી જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અટાળા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તાલુકા ભાજપના હોદ્દેદારો સહિતના લોકોની ઉપસ્થિતિ રહી હતી.

## ભાગતાચાર્ય સ્વ. ઈન્દુભાઈ જોષીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે

# લાપાળિયામાં પ્રાથમિક શાળાને જોષી પરિવાર દ્વારા નવા કોમ્પ્યૂટર સેટની ભેટ

**તમામ બાળકોને બાલ વાટિકા નામનું જ્ઞાનસભર પુસ્તક પણ અપાયું**



અમરેલી,

અમરેલીના લાપાળિયા ગામે ભાગવતાચાર્ય સ્વ. ઈન્દુભાઈ જોષીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે જોષી પરિવાર દ્વારા પ્રાથમિક શાળાને નવા કોમ્પ્યૂટર સેટની ભેટ આપવામાં આવી છે અને તમામ બાળકોને એક જ્ઞાનસભર પુસ્તક પણ આપવામાં આવ્યું હતું.મૂળ અમરેલીના લાપાળિયા ગામના વતની અને હાલમાં અમરેલી રહેતા ભાગવતાચાર્ય ઈન્દલભાઈ જોષીએ ઘણી ભાગવત કથાઓ વાંચીને ભાગવત કથાકાર તરીકે સમગ્ર રાજ્યમાં ખ્યાતિ ‘ાપ્ત કરી હતી. લાપાળિયા ગામ તેમનું વતન છે અને પછી તેઓ અમરેલી સ્થાયી થયા હતા. એક વર્ષ પહેલા તેમનો સ્વર્ગવાસ થયા બાદ પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે જોષી પરિવાર દ્વારા ગામની પ્રાથમિક શાળાને ભેટ આપવામાં આવી હતી.આ પ્રસંગે લાપાળિયા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પરિવારના અમરેલી જાહ્નવી સંસ્કૃત પાઠશાળાના આચાર્ય કપિલભાઈ જોષી, સંગીતાબેન પંડ્યા, પાયલ જોષી તેમજ મોભી અને વડીલ તરીકે સરલાબેન ઠાકરની વિશેષ ઉપસ્થિતિમાં શાળાને કોમ્પ્યૂટર સેટ ભેટ આપવામાં આવ્યો હતો. આ કોમ્પ્યૂટર સેટ માટે જિજ્ઞાસાબેન જોષી દ્વારા પણ અનુદાન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાના તમામ બાળકોને પાયલ જો‘ી તરફથી બાલ વાટિકા નામના જ્ઞાનસભર પુસ્તકની પણ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય શિવલાલભાઈ વિરાણી દ્વારા જોષી પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## તા.૫ થી ૭ દરમિયાન ઝાકળ પડશે : ધુમ્મસની શકયતા

# અમરેલી જિલ્લામાં તા.3 અને ૪ ના રોજ ધુમ્મસ આવવાની શકયતા નહિંવત

અમરેલી,અમરેલી હવામાન આધારિત કૃષિ હવામાન એકમ, કૃષિ જ્ઞાન કેન્દ્ર દ્વારા જણાવ્યા મુજબ તા.૩ થી ૭ દરમિયાન મધ્યમ ઠંડુ અને ભેજવાળુ આંસિક વાદળ છાયુ વાતાવરણ રહેશે. અને તાપમાન ૩૧ થી ૩૩ સેન્ટીગેટ રહેશે. તા.૩ થી ૪ ધુમ્મસની શકયતા નહિવત છે. તા.૫ થી ૭ સવારના ઝાકળ સાથે ધુમ્મસ આવવાની શકયતા છે. તેમ જણાવ્યુ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત બજેટ 2024-2025

# વિકસિત ગુજરાત @2047નું
## નિર્માણ કરવા માટેનો રોડમેપ નક્કી કરતું
# ₹૩,૩૨,૪૬૫ કરોડનું બજેટ

## અમૃતકાળમાં ગુજરાતના વિશ્વસ્તરીય વિકાસનો અમૃતપથ કંડારનારું બજેટ




ગરવું ગુજરાત
ગુણવંતુ ગુજરાત
ગ્રીન ગુજરાત
ગ્લોબલ ગુજરાત
ગતિશીલ ગુજરાત

**સમાજના ચાર વર્ગો-જ્ઞાન**
એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ પર સવિશેષ ભાર



પોષણ-આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહિત કરવાના હોલિસ્ટિક એપ્રોચ સાથે ત્રણ નવી યોજનાઓ
## નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, નમો શ્રી યોજના

ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા **નમો સરસ્વતી યોજના** હેઠળ **₹૪૦૦ કરોડ**ની જોગવાઇ

સરકારી-બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભણતી દિકરીઓ માટે **નમો લક્ષ્મી યોજના** હેઠળ **₹૧૨૫૦ કરોડ**ની જોગવાઇ

સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને વધારે સુદ્રઢ કરી તેમને સક્ષમ બનાવવા **નમો શ્રી યોજના** હેઠળ **₹૭૫૦ કરોડ**ની જોગવાઇ

**વિશ્વનો સૌથી લાંબો ૩૮ કિલોમીટરનો** સળંગ સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ-ગાંધીનગર ગિફ્ટ સિટીની ટ્રાયસિટી તરીકે આગવી ઓળખનું બનશે સીમાચિન્હ

સુઆયોજિત શહેરી વ્યવસ્થાપન માટે **નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર/વઢવાણને** નગરપાલિકામાંથી રૂપાંતર કરી **૭ મહાનગરપાલિકાનો દરજ્જો** આપવામાં આવશે

સ્વચ્છતા માટેના જનઆંદોલનને ગુજરાતમાં વેગ આપવા **નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન** માટે **₹૨૫૦૦ કરોડ**ની જોગવાઈ

બાલ્યકાળથી જીવનની દરેક અવસ્થાને પોષણક્ષમ આહાર મળે તે હેતુથી પોષણલક્ષી યોજનાઓમાં લાભાર્થીઓનો વ્યાપ વધારવા **સુપોષિત ગુજરાત મિશનની** જાહેરાતઃ બાળકો, કિશોરીઓ અને મહિલાઓનું પોષણ થશે સુનિશ્ચિત

આદિજાતિ વિકાસ માટે **₹૪૩૭૪ કરોડ**ની જોગવાઇ
આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમ શાળાઓ અને ઈ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત ૧ લાખ ૫૨ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે **₹૭૩૫ કરોડ**ની જોગવાઇ

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત એમ્પેનલ થયેલ ૨૫૩૧ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આપવા માટે **₹૩૧૧૦ કરોડ**ની જોગવાઇ

NFSA રેશનકાર્ડ ધારકોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પુરો પાડવા તુવેરદાળ અને ચણાના વિતરણ માટે **₹૭૬૭ કરોડ**ની જોગવાઇ

ખેડૂતોને ડ્રિપ અને સ્પ્રીંકલર સિસ્ટમ વસાવવા માટે સહાય આપવા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની હેઠળ **₹૨૫૦૦ કરોડ**ની જોગવાઇ

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને આત્મનિર્ભર ગુજરાત નીતિ અંતર્ગત પ્રોત્સાહન માટે **₹૧૫૫૦ કરોડ**ની જોગવાઇ

સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના થકી શહેરી વિસ્તારમાં માળખાકીય સગવડો માટે **₹૮૬૩૪** કરોડની જોગવાઈ

સોલર રૂફટોપ યોજના અંતર્ગત ગ્રાહકોને સહાય આપવા માટે **₹૯૯૩ કરોડ**ની જોગવાઈ

રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન અને રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધો માટે આર્થિક સહાય અંતર્ગત અંદાજિત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા **₹૧૩૯૮ કરોડ**ની જોગવાઇ



વિકસિત ભારત @ ૨૦૪૭ માટે ગુજરાતની દિશા નક્કી કરી, રાજયના ૭ કરોડ ગુજરાતીઓના સ્વપ્નો અને આકાંક્ષાઓને મૂર્તિમંત કરવા, વિકસિત ગુજરાત @ ૨૦૪૭ નો રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે. વિકાસયાત્રાના પ્રણેતા અને ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારત@૨૦૪૭ નું આહવાન કર્યું છે. વિકસિત ભારતની આ સંકલ્પનામાં, ગુજરાત અગત્યનો ફાળો ભજવી, દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકારનું ધ્યેય છે.

**શ્રી કનુભાઈ દેસાઈ,** નાણામંત્રી